# સુરત મહાનગરપાલિકા

## <u>જાહેરાત</u>

ધી એપ્રેન્ટીસ એકટ–૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૨૨/૦૭/૨૦૧૯, ૧૧–૦૦ કલાક થી ૩૧/૦૭/૨૦૧૯, ૧૩–૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરી, તા.૩૧/૦૭/૨૦૧૯ ના રોજ સવારે ૧૦–૦૦ કલાક થી સાંજે ૪–૦૦ કલાક સુધી કોમ્યુનીટી હોલ, દિવાળી બાગ સોસાયટી પાસે, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, અડાજણ પાટીયા, સુરત ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

| અ.નં. | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| 1 | ઈલેકટ્રીશ્યન | 50 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 2 | વાયરમેન | 100 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 3 | ફીટર | 20 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 4 | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | 20 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 5 | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | 100 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 6 | મેડીકલ લેબોરેટરી ટેકનીશ્યન (પેથોલોજી) | 10 | ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પાસ.<br>(ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષય સાથે) |
| 7 | એકાઉન્ટન્ટ | 170 | ધોરણ–૧૨ (વાણિજય પ્રવાહ) પાસ.<br>(વાણિજય સાથેનાં સ્નાતક ઈચ્છનીય) |
| 8 | બેક ઓફિસ એપ્રેન્ટીસ | 170 | કોઈપણ શાખાના સ્નાતક<br>(કોમ્પ્યુટર ના જાણકાર ઈચ્છનીય) |
| 9 | આસીસ્ટન્ટ(હયુમન રીસોર્સીસ) | 50 | બી.એ. અથવા બી.બી.એ. |
| 10 | માઈક્રો ફાયનાન્સ એપ્રેન્ટીસ | 10 | ધોરણ–૧૨ (વાણિજય પ્રવાહ) પાસ.<br>(વાણિજય સાથેનાં સ્નાતક ઈચ્છનીય) |
| | કુલ | **700** | |

આ એપ્રેન્ટીસ ટ્રેડની જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતાં પહેલાં વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય સુચનાઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત અંગેની નીચે મુજબની સામાન્ય સુચનાઓ જોવા વિનંતી. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ–૨૩૧) ઉપર સંપર્ક કરવો.

**અરજદાર માટે સામાન્ય સુચનાઓ :–**

(૧) સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.org પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૨) એપ્રેન્ટીસ ઉમેદવારે https://suratmunicipal.gov.in/Recruitment લીન્ક ઉપર જઈ ઓનલાઈન અરજી ફોર્મ ભરીને તે ડાઉનલોડ કરવાનું રહેશે.

(૩) https://apprenticeshipindia.org પોર્ટલ ઉપર થી એપ્રેન્ટીસ પ્રોફાઈલની પ્રિન્ટ લઈને અરજી ફોર્મ સાથે અચૂક જોડવાની રહેશે.

(૪) દરેક ઉમેદવારે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી ભરેલ અરજી પત્રક ડાઉનલોડ કરી તેની A4 સાઈઝ પેપર પર પ્રિન્ટ કરીને પાસપોર્ટ સાઈઝ ફોટો તથા જરૂરી આધાર પુરાવા/ પ્રમાણપત્રો ની સ્વ–પ્રમાણિત નકલો સામેલ કરી તા.૩૧/૦૭/૨૦૧૯ ના રોજ સાંજે સવારે ૧૦–૦૦ કલાક થી સાંજે ૪–૦૦ કલાક સુધીમાં ભરતીમેળાના સ્થળે રૂબરૂ હાજર રહીને અરજી આપવાની રહેશે.

(૫) જો ઉમેદવાર કરારનામાંથી એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઈ એકમ / સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલા હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.

(૬) સદર અરજી પત્રક સિવાયની અન્ય ફોર્મેટમાં મળેલ ઉમેદવારી અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

(૭) અરજદારોએ અરજી ભરતી મેળાના સ્થળે રૂબરૂમાં અરજી આપવાની રહેશે. ટપાલથી પોસ્ટ કરવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૮) અગાઉ જે તે ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ કરી ચુકેલ ઉમેદવારે અરજી કરવી નહી.

(૯) એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટિસ એકટ–૧૯૬૧ હેઠળ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.

(૧૦) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોવી જોઈએ નહી.

(૧૧) આ જાહેરાત ફકત એપ્રેન્ટીસશીપ માટે છે, એપ્રેન્ટીસશીપનો જે તે ટ્રેડનો નિયત સમયગાળો પુર્ણ થયેથી એપ્રેન્ટીસને તુરંત છુટા કરવામાં આવશે.

(૧૨) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપૂર્ણ હક / અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવામાં આવશે નહી.

**અરજી પત્રક સાથે જરૂરી પ્રમાણિત પ્રમાણપત્રો સામેલ કરવા અંગેની અગત્યની સુચનાઓ :–**

(૧) ઉમેદવારે અરજીફોર્મ સાથે સુચનામાં જણાવ્યા મુજબના તમામ પ્રમાણપત્રોની સ્વ–પ્રમાણિત નકલો ક્રમાનુસાર તથા એપ્રેન્ટીસ પ્રોફાઈલની પ્રિન્ટ અચુક જોડવાની રહેશે.

(૨) અરજીફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝ ફોટો તથા લાયકાતના પુરાવા સામેલ કરવામાં આવેલ નહી હોય, જે તે ટ્રેડ મુજબની લાયકાત ધરાવતા નહી હોય તેમજ એપ્રેન્ટીસ પ્રોફાઈલની પ્રિન્ટ તથા કોઈપણ આધાર પુરાવા જોડવામાં આવેલ નહી હોય તો ઉમેદવારી અરજી રદ કરવામાં આવશે.

(૩) અરજીફોર્મ બિડાણો સાથે નિર્ધારીત તારીખે જમા થઈ ગયા બાદ, નહી જોડેલ ખૂટતા પ્રમાણપત્રો મોકલવામાં આવશે તો તે સ્વીકારવા બાબતે કોઈપણ પત્રવ્યવહાર કે રજુઆત વિચારણામાં લેવાશે નહી.

(૪) અરજીફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.

| | |
|---|---|
| **અરજી સ્વીકારવાનું સ્થળ :** | **કોમ્યુનીટી હોલ, દિવાળી બાગ સોસાયટી પાસે, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, અડાજણ પાટીયા, સુરત** |
| **અરજી સ્વીકારવાની તારીખ અને સમય :** | **તા.૩૧/૦૭/૨૦૧૯ ના રોજ સવારે ૧૦–૦૦ કલાક થી સાંજે ૦૪–૦૦ કલાક સુધી.** |

**સહી/–**

નં.પીઆરઓ/૧૧૯/૨૦૧૯–૨૦. **મ્યુનિસિપલ કમિશ્નર**

સુરત. તા.૨૦/૦૭/૨૦૧૯ **સુરત મહાનગરપાલિકા**